| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૧/૦૯/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## વટવા જીઆઈડીસી પો.સ્ટે. વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલ નંગ-૪૮ કિ.રૂ.૫૭,૨૯૦/- મળી કુલ રૂપિયા ૪,૧૨,૨૯૦/- મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૨૦.૦૯.૨૩ ના રોજ સ્ટાફના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ.ચેતનકુમાર નરેશભાઈ બ.ન.૧૩૫૩૮,અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૪૮૯૭, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪,અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ બ.ન.૪૮૯૯, આ.હે.કો.મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ તથા મ.સ.ઈ.મહમંદયુનુસ અસગરઅલી નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે વટવા જીઆઈડીસી જશોદાનગર અન્નપુર્ણા હોટલની પાછળ નિલકંઠ બંગલોઝ મ.ન.૫ માંથી તેમજ સ્વીફ્ટ ડિઝાયર ટુર્સ ફોર વ્હીલર કાર નંબર GJ-27-TT-6376 માંથી જુદી જુદી બ્રાન્ડની વિદેશીદારુ ની બોટલો નંગ ૪૮ કિ.રુ.૫૭,૨૯૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪,૧૨,૨૯૦/-ના મુદામાલ સાથે આરોપી નામે પવન રતીલાલ પ્રજાપતિ રહે.૫ નીલકંઠ બંગલોઝ અન્નપુર્ણા હોટલની પાછળ, જશોદાનગર વટવા જીઆઈડીસી અમદાવાદ નાને પકડી લઈ તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વટવા જીઆઈડીસી પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૧૯૨૩૦૭૪૧/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી), ૮૧,,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :**

(૧) પવન રતીલાલ પ્રજાપતિ રહે.૫ નીલકંઠ બંગલોઝ, અન્નપુર્ણા હોટલની પાછળ, જશોદાનગર, વટવા જીઆઈડીસી અમદાવાદ

**નહી પકડાયેલ આરોપી :** શેર સિંઘ રહે.બાડમેર, રાજસ્થાન

**ગુનાની જગ્યા :** જીઆઈડીસી જશોદાનગર અન્નપુર્ણા હોટલની પાછળ નિલકંઠ બંગલોઝ મ.ન.૫ માંથી

**પકડાયેલ મુદામાલ :**

(૧) પરપ્રાંતની વિદેશી દારુની બોટલ નંગ ૪૮ કિ.રુ.૫૭,૨૯૦/- (૨) સ્વીફ્ટ ડિઝાયર ટુર્સ ફોર વ્હીલર કાર નંબર GJ-27-TT-6376 કિ.રુ.૩,૫૦,૦૦૦/- (૩) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રુ. ૫,૦૦૦/ મળી કુલ્લે રુપિયા રુપિયા ૪,૧૨,૨૯૦/- મત્તાનો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૩૧૨ લીટર દેશી દારૂ, ૧૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦3 વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૯/૨૦૨૩**

**એરપોર્ટઃ** નિકુંજભાઇ સ/ઓ સુધીરકુમાર પટેલ (ઉ.વ.૩૦)(રહે,કલ્પતરૂ કોમ્પલેક્ષ, પ્રેમચંદનગર સોસાયટી પાછળ, જજીસ બંગ્લોઝ) એ તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નિકુંજભાઇ તથા તેમના મિત્ર ફેમીલી સાથે સિંગાપુરથી અમદાવાદ પરત આવવા વિયેટનામ એરલાઈન્સ નામની ફ્લાઈટમાં મલેશિયાથી વિયેટનામ અને વિયેટનામથી તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ અમદાવાદ એરપોર્ટ ખાતે આવ્યા હતા. જયા બેગ લેવા જતા બેગ અર્ધ ખુલ્લી દેખાતા બેગ ચેક કરતા અજાણી વ્યક્તિએ બેગમાંથી અન્ય વિદેશની કરન્સી ભરતીય ચલણ મુજબ રૂપિયા ૩,૦૦,૦૦૦/-, સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/-ચોરી કરી લીધી હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૦/૨૦૨૩**

નિકોલઃ કંચનબહેન વા/ઓ સતિષચંદ્ર અગ્રવાલ (ઉ.વ.૪૧)(રહે,શ્યામ-સુંદર ફ્લેટ છોટાલાલની ચાલી ઓઢવ) એ તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૮/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે નિકોલ ગંગોત્રી સર્કલ પાસે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ કંચનબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૧/૨૦૨૩**

**રામોલઃ** રામોલ વાંચ રોડ મુખીફાર્મ પાસે આવેલ "મુખ્તાર ફાઉન્ડેશન કંપની" ખાતે નોકરી કરતા અને ત્યાંજ રહેતા સૌકત રીયાસત અંસારી (ઉ.વ.૩૪)(મૂળ વતન. ગામ.કસારી તા.જબરા જી.ચતરા, ઝારખંડ) તા.૨૦/૦૯/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે "મુખ્તાર ફાઉન્ડેશન" કંપનીમાં પડેલ ટેબલ ફેન લેવા જતા સૌકતને શરીરે વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૨/૨૦૨૩**

**વાસણાઃ** સંજયભાઇ પ્રવિણભાઇ વાઘેલા (ઉ.વ.૧૯)(રહે.શિવશક્તિનગરની ચાલી, રાધાકૃષ્ણ મંદિર પાછળ, ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

**વટવાઃ** મધુબહેન વા/ઓ દલપતભાઇ મકવાણા (ઉ.વ.૬૨)(રહે.વણકરવાસ ગણેશ મંદિર રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૯/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચેતનભાઈ હરજીભાઈ ચલાવે છે.

**નારોલઃ** રેશમબહેન ડો/ઓ રફીકભાઇ મુલતાની (ઉ.વ.૧૬)(રહે.રોશની પાર્ક-૧, દયારામ ફેકટરી સામે નારોલ-વટવા રોડ નારોલ) એ તા.૨૦/૦૯/૨૦૨૩ બપોરના ૨/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી